सत्यमेव जयते

આંક :-

| | | | |
|---|---|---|---|
| દાવા પ્રાપ્તિ તારીખ : | ૨૯/૦૭/૨૦૨૫ | | |
| દાવા દાખલ તારીખ : | ૨૯/૦૭/૨૦૨૫ | | |
| દાવા નિર્ણિત તારીખ : | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૮ | ૦૧ |

જૂનાગઢના મહે. મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ,
મુકામ - જૂનાગઢ.

## કોમર્શિયલ સ્યુટ નંબર : ૫૧/૨૦૨૫.

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા,
બિલખા શાખા,
તાલુકો/જિલ્લો : જૂનાગઢ. - વાદી.

વિરૂધ્ધ.

(૧) મનિષાબેન હિતેશભાઇ હુદડ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-ખેતી, ધર્મે-હિન્દુ,
(૨) કુલદિપ હિતેશભાઇ હુદડ,
ઉ.વ.આ. પુખ્ત, ધંધો-ખેતી, ધર્મે-હિન્દુ,
બંને રહેવાસી : બિલખા, ધર્મશાળા રોડ,
તાલુકો/જિલ્લો : જૂનાગઢ. - પ્રતિવાદીઓ.

બાબત : રૂ.૫,૯૩,૭૪૭/- તથા ચડત વ્યાજ વસૂલ મળવા અંગે.

| | |
|---|---|
| ધારાશાસ્ત્રી : | વાદી તરફે વિ.વકીલશ્રી વી. પી. પુરોહિત. |
| | પ્રતિવાદી સામે એકતરફી. |

-:: ઠ રા વ ::-

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી બેંક તે કોર્પોરેટ બોડી છે અને રાષ્ટ્રીયકરણ થયેલ સંસ્થા છે. અગાઉ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના નામથી બેકીંગ તથા ધંધાકીય તથા અન્ય પ્રકારના ધીરાણ આપવાના કામકાજ કરતા હતા અને ત્યારબાદ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાએ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના કામકાજનો કાર્યભાર હસ્તગત કરેલ છે. વાદી બેંકની અન્ય શાખાઓ પૈકીની એક શાખા જૂનાગઢ તાલુકા જિલ્લાના બિલખા મુકામે આવેલી છે. વાદી બેંકના બ્રાંચ મેનેજરને દાવામાં સહી કરવાનો અને દાવો દાખલ કરવાનો, સોગંદનામા વિગેરે કરવાના કાયદેસરના અધિકારો આપવામાં આવેલ હોય જે અધિકારની રૂએ હાલનો દાવો દાખલ કરેલ છે. વાદી બેંક તેની આજુબાજુના વિસ્તારોમાં ખેત ધીરાણ તથા ઉધોગો માટે તેમજ નાગરીકો અને તેના વ્યવસ્થા અને તેની મકાન વિગેરે સુવિધાઓ માટે તથા ધંધાકીય લોન આપવાની કામગીરી કરે છે. આ કામના પ્રતિવાદીઓએ તેના ખેતીના વ્યવસાયના હેતુ માટે લોન લેવા અંગે વાદી બેંક પાસેથી લોન મળવાની માંગણી કરતા, પ્રતિવાદીઓએ ખેતીની જમીનના કાગળો રજુ કરતા વાદી બેંકે પ્રતિવાદીઓને રૂા.૬,૧૯,૫૦૦/- ની લોન એકાઉન્ટ નં.૩૮૯૩૭૯૬૭૬૫૩ થી આપવાનું નક્કી કરેલું અને પ્રતિવાદીઓએ તા.૦૯/૦૪/૨૦૨૪ ના રોજ લોન લીધેલ. અને આ અંગેનું ફોર્મ ભરેલું અને લોન અંગેના જરૂરી દસ્તાવેજો કરી આપીને વાદી બેંક પાસેથી તેની જરૂરીયાત મુજબની લોનની રકમ લીધેલ છે. લોનની રકમ પર કરાર મુજબનું ચડત વ્યાજ તેમજ રીઝર્વ બેંક વખતો વખત નકકી કરે તે મુજબનું વ્યાજ સહિત લોનની રકમ ભરપાઇ કરવાની હતી. પ્રતિવાદીઓએ લોનની રકમ લોનના કરારની શરતો મુજબ નિયત સમય મર્યાદામાં ચડત વ્યાજ સહિત ભરપાઇ કરવાની હતી. પ્રતિવાદીઓએ લોનના હપ્તાઓ અનિયમિત કરેલ હોય અને બેંક

સાથે થયેલ લોનના કરારની શરતો મુજબ લોનની રકમ સમયસર ભરપાઇ કરેલ નથી અને પ્રતિવાદીઓએ લોનના કરારની શરતોનો ઉઘાડો ભંગ કરેલ છે જેથી વાદી બેંક લોનની રકમ ચડત વ્યાજ સહિત એકીઆંકડે વસૂલ મેળવવા હકકદાર બનેલ છે. પ્રતિવાદીઓને લોનની રકમ ભરપાઇ કરી જવા જણાવવા છતાં પ્રતિવાદીઓએ આજકાલ કરી સમય વિતાવેલ છે અને વાદી બેંકની લોનની રકમ ચડત વ્યાજ સહિત ભરપાઇ કરવા કોઇ દરકાર કરેલ નથી. વાદી બેંકે એડવોકેટ મારફત તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ લીગલ નોટિસ આપેલી, જે નોટિસ પ્રતિવાદીઓને બજી જવા છતાં નોટિસ મુજબની કોઇ રકમ પ્રતિવાદીઓએ વાદી બેંકને ભરપાઇ કરેલ નથી જેથી દાવો લાવવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. પ્રતિવાદીઓ પાસે વાદી બેંકનું લેણું દાવો દાખલ કર્યાની તારીખ સુધીના તથા આર.બી.આઇ.ના નિયમ મુજબ ચડત વ્યાજ, ખર્ચ, પેનલ્ટી સહિત કુલ રૂ.૫,૯૩,૭૪૭/- ચડત થાય છે. આ દાવો કોમર્શિયલ એકટ, ૨૦૧૫ તથા સિવિલ કોડ હેઠળ લાવેલા છે તથા જૂનાગઢમાં લીગલ ઓથોરીટી સમક્ષ એપીયર થયેલ અને પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ બજવા છતાં નિવેડો ન આવતા હાલનો દાવો લાવેલ છે. જેથી હાલનો દાવો લાવી પ્રતિવાદીઓ પાસેથી વાદી બેંકના લોનની બાકી લેણી નીકળતી રકમ રૂ.૫,૯૩,૭૪૭/- તેમજ દાવા તારીખથી વસૂલ થતા સુધી રીઝર્વ બેંકના પ્રવર્તમાન દર મુજબન માસિક ૧૮% લેખે ચક્રવૃધ્ધિ વ્યાજ સાથે પ્રતિવાદીઓની સ્થાવર/જંગમ તેમજ જાત મિલકત પરથી વાદી બેંકને એકી આંકડે વસૂલ અપાવવા વાદી બેંકના લાભમાં પ્રતિવાદીઓ વિરૂધ્ધનું હુકમનામું કરી આપવા તથા દાવાને લગતી બીજી મળી શકતી તમામ દાદ અપાવવા તથા દાવાનું ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસૂલ અપાવવા દાદ માંગેલ છે.

(૨) દાવાના અનુસંધાને પ્રતિવાદીઓને સમન્સ કરવામાં આવેલ, જે આંક-૫ અને આંક-૬ ની વિગતે ધોરણસર બજી જવા છતાં પ્રતિવાદીઓ જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી કે કોઇ જવાબ રજુ રાખેલ નથી જેથી પ્રતિવાદીઓનો જવાબનો હકક બંધ કરી પ્રતિવાદીઓ સામે એકતરફી કામ ચલાવવા તા.૧૭/૦૯/૨૦૨૫ ના રોજ આંક-૧

લગત હુકમ કરવામાં આવેલ છે.

(૩) સદર કામે દાવાના નિર્ણય માટે આંક-૭ થી નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલા છે.

(1) Whether the plaintiff proves that the suit has been filed by the authorised person of the plaintiff bank ?

(2) Whether the plaintiff proves that defendants has borrowed loan for agriculture purpose amounting to Rs.6,19,500/- from the plaintiff bank ?

(3) Whether the plaintiff proves that the defendants failed to repay the loan amount ?

(4) Whether the plaintiff is entitled to recover the loan amount of Rs.5,93,747/- from the defendants ?

(5) Whether the plaintiff is entitled to get interest on the suit amount ? If yes, at what rate ?

(6) What is due to the plaintiff ?

(7) What order and decree ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| મુદા નં.(૧) | : | હકારમાં. |
| મુદા નં.(૨) | : | હકારમાં. |
| મુદા નં.(૩) | : | હકારમાં. |
| મુદા નં.(૪) | : | હકારમાં. |
| મુદા નં.(૫) | : | હા, વાર્ષિક ૧૮% ના વ્યાજ દરે. |
| મુદા નં.(૬) | : | રૂા.૫,૯૩,૭૪૭/- |
| મુદા નં.(૭) | : | આખરી હુકમ મુજબ. |

(૫) આંક-૭ થી ઉપસ્થિત કરવામાં આવેલ મુદા પુરવાર કરવા માટે વાદી ધ્વારા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

<u>મૌખિક પુરાવો :</u>

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧. | વાદી બેંક તરફે રોહિતકુમાર કરશનભાઇ મગરાનું સરતપાસનું સોગંદનામું. | ૧૧ |

<u>દસ્તાવેજી પુરાવો :</u>

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદીઓની લોન મળવાની અરજી. | ૧૭ |
| ૨. | લેટર ઓફ એરેન્જમેન્ટ. | ૧૮ |
| ૩. | મોર્ગેજ ડીડ. | ૧૯ |
| ૪. | હાઇપોથીકેશન એગ્રીમેન્ટ. | ૨૦ |
| ૫. | ગામ નમૂના નં.૮-અ, ૭ અને ૧૨. | ૨૧ |
| ૬. | વાદીએ વકીલ મારફત તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ પ્રતિવાદીને આપેલ નોટિસની સ્થળપ્રત. | ૨૨ |
| ૭. | નોટિસ મળી ગયાની પોસ્ટલ એકનોલેઝમેન્ટ સ્લીપ. | ૨૩/૨૪ |
| ૮. | પ્રતિવાદીના લોન ખાતાના સ્ટેટમેન્ટની ખરીનકલ. | ૨૫ |
| ૯. | કલમ-૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ. | ૨૬ |

વાદી તરફથી આ સિવાય અન્ય કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વાદી તરફે વિ.વકીલશ્રીએ તેઓ આ કામે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક-૨૭ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૬) જયારે આ કામે પ્રતિવાદીઓ સામે એકતરફી કામ ચલાવવામાં આવેલ હોય કોઇ પુરાવો રજુ થયેલ નથી.

(૭) આ કામે વાદીના વિ.વકીલશ્રી વી. પી. પુરોહિતની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

## -:: નિર્ણય માટેના કારણો ::-

(૮) આ કામે વાદી ધ્વારા કરવામાં આવેલ પક્ષ નિવેદન, રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા અગાઉ ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪, ૧૦૫ અને ૧૦૬ નો ઉલ્લેખ અત્રે કરવાનું જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

**104. Burden of proof.—**Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts must prove that those facts exist, and when a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**105. On whom burden of proof lies.—**The burden of proof in a suit or proceeding lies on that person who would fail if no evidence at all were given on either side.

**106. Burden of proof as to particular fact.—**The burden of proof as to any particular fact lies on that person who wishes the Court to believe in its existence, unless it is provided by any law that the proof of that fact shall lie on any particular person.

ઉપરોકત જોગવાઇ મુજબ જયારે કોઇ પક્ષકાર એમ ઇચ્છતી હોય કે તેણે કહેલી અથવા રજૂ કરેલી કોઇ હકીકત અસ્તિત્વમાં છે, તેની સાબિતી માટે કાયદાની અદાલત કોઇ ફેંસલો કોઇ પક્ષકારની તરફેણમાં આપે ત્યારે તે હકીકત અસ્તિત્વ ધરાવે છે તેવો પુરાવો તે પક્ષકારે આપવો પડે. ઉપરોકત જોગવાઇથી જયારે અમુક હકીકત અમુક પક્ષકારની જાણમાં હોય ત્યારે તે હકીકતનું અસ્તિત્વ સાબિત

કરવાનો બોજો તે પક્ષકારે પુરવાર કરવો પડે. વધુમાં સદર બાબતે નીચે મુજબની હકીકતની પણ નોંધ લેવી જરૂરી છે.

**[a]** The general principles of law that can be gainfully culled out from the judicial pronouncements noted above is that the burden of proof cast under Sections 101 and 102 of the Indian Evidence Act, 1872 is the persuasive burden or the onus probandi. The persuasive burden to prove and establish the case always lies upon the plaintiff and the said burden never shifts upon the defendant. What may, however, shift is the onus to lead evidence in the sense that once the plaintiff side succeeds in prima facie establishing his pleaded case by leading evidence, the onus will then shift upon the defendant side to lead evidence so as to disprove the case. The parties may also have to discharge the burden of establishing the admissibility of the evidence by leading evidence in respect thereof. The initial burden to establish the basic allegations made in the plaint constituting the foundational facts, regardless of whether such assertion is couched in the affirmative or in the negative, would undoubtedly lie upon the plaintiff and the failure to discharge the said burden must lead to the dismissal of the suit."

**[b]** The burden of proof on the pleadings should not be confused with the burden of adducing evidence.

**[c]** Pleading is not evidence, far less proof..

**[d]** The rule that the burden of proving the fact rests on the party who substantially asserts the affirmative issues and not the party who denies it, is not one of the universal applications

and there may be exception thereto.

<u>મુદા નં.(૧) થી (૬) :-</u>

(૯) આ કામે મુદા નં.૧ થી ૬ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તમામ મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે વાદી બેંકના બ્રાંચ મેનેજર રોહિતકુમાર કરશનભાઇ મગરા નાઓએ દાવાની હકીકત પુરવાર કરવા આંક-૧૧ થી દિવાની કાર્યરીતિ અધિનિયમ હુકમ-૧૮, નિયમ-૪ મુજબ સરતપાસનું સોગંદનામું રજુ કરી દાવા અરજીની હકીકતોને અનુરૂપ હકીકતો જણાવેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરી ચર્ચા કરવાનું ઉચિત જણાતું નથી. સદરહુ વાદીની પ્રતિવાદીઓ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ ન હોય વાદી તરફેની હકીકત બિનપડકારેલી રહેલી છે.

(૧૧) આ કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક-૧૭ ની વિગતે પ્રતિવાદીઓએ ખેતી વિષયક હેતુ માટે વાદી બેંકને તા.૦૮/૦૪/૨૦૨૪ ના રોજ લોન મેળવવા અરજી કરેલ હોવાનું જણાય આવે છે. આંક-૧૮ ની વિગતે કિશાન ક્રેડીટ કાર્ડ યોજના હેઠળ રૂ.૬,૨૭,૦૦૦/- ની લોન તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ મંજુર કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. આંક-૧૯ ની વિગતે પ્રતિવાદીઓએ અવડતીયા મોટા ગામની સર્વે નં.૧૦૦ ની જમીન વાદી બેંકની તરફેણમાં મોર્ગેજ ડીડ કરી તારણમાં મુકેલ હોવાનું જણાય આવે છે. આંક-૨૦ ની વિગતે પ્રતિવાદીઓએ વાદી બેંક જોગ હાઇથોપીકેશન કમ લોન એગ્રીમેન્ટ કરી આપેલ અને શરતોનો સ્વીકાર કરેલ. આંક-૨૧ ની વિગતે

અવતડીયા મોટા ગામની સર્વે નં.૧૦૦ ની હે.આરે.ચો.મી.ર-૧૬-૯૭ જમીન વાદી બેંકના તારણમાં મુકેલ હોવાનું જણાય આવે છે. આંક-૨૫ ના પ્રતિવાદીઓના લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટ મુજબ તા.૨૫/૦૩/૨૦૨૫ ની સ્થિતિએ રૂા.૫,૯૩,૭૪૭/- બાકી લેણા નીકળતા હોવાનું જણાય આવે છે. આંક-૨૨ ની વિગતે વાદી બેંક તરફથી વકીલ મારફત તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ લીગલ નોટિસ આપવામાં, જે આંક-૨૩ અને ૨૪ ની વિગતે પ્રતિવાદીઓને મળી ગયેલ હોવાનું જણાય આવે છે. તેમજ આંક-૨૬ ની વિગતે દસ્તાવેજી પુરાવા અંગે પ્રમાણપત્ર આપેલ હોવાનું જણાય આવે છે.

(૧૨) આમ, ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો વાદીની દાવા અરજી આંક-૧ ધ્યાને લેવામાં આવે તો આ કામે વાદી બેંક વતી અધિકૃત બ્રાંચ મેનેજર ધ્વારા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીઓએ વાદી બેંક પાસેથી ધીરાણ મેળવવા અરજી આપેલ, જે લોન રૂા.૬,૨૭,૦૦૦/- ની મર્યાદામાં મંજુર થતા પ્રતિવાદીઓએ વાદી બેંકની તરફેણમાં જરૂરી દસ્તાવેજો હાઇપોથીકેશન એગ્રીમેન્ટ વિગેરે કરી આપેલ. પ્રતિવાદીઓએ લીધેલ લોનની રકમ ભરપાઇ ન કરતા વાદી તરફથી વકીલ મારફત કાનૂની નોટિસ આપવામાં આવેલ, જે નોટિસ બજી જવા છતાં રકમ ભરપાઇ ન કરતા આંક-૨૫ ના સ્ટેટમેન્ટ મુજબ તા.૨૫/૦૩/૨૦૨૫ ની સ્થિતિએ રૂા.૫,૯૩,૭૪૭/-બાકી નીકળતા હોવાનું ફલિત થાય છે. વધુમાં આંક-૨૦ ના હાઇપોથીકેશન એગ્રીમેન્ટ મુજબ વ્યાજની રકમ વસૂલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે. જેથી મુદા નં.૧ થી ૫ નો જવાબ તે મુજબ હકારમાં ઠરાવવામાં આવે છે. વધુમાં સદર કામે દિવાની કાર્યરીતિ અધિનિયમની કલમ-૩૪ ધ્યાને લેતા મુદલ રકમ ઉપર દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધી અથવા તો

ચૂકવણીની તારીખ સુધીનું વ્યાજ આપવાનો કોર્ટ હુકમનામામાં હુકમ કરી શકે છે, જે જોગવાઇ ધ્યાને લેતા વાદીની જે રકમ પ્રતિવાદીઓ પાસે રોકાઇ રહેલ છે તે રકમ પ્રતિવાદીઓની કસૂરના કારણે રોકાઇ રહેલ છે જેથી વાદી બેંકની દાવાની બાકી લેણી નીકળતી રકમ ઉપર માસિક ૧૮% લેખે વ્યાજ અપાવાવનું ન્યાયી અને વ્યાજબી જણાય છે અને વાદીનું રૂા.૫,૯૩,૭૪૭/- નું બાકી લેણું નીકળતું હોય મુદા નં.૬ નો જવાબ તે મુજબ ઠરાવવામાં આવે છે અને મુદા નં.૭ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

(૧) વાદીનો દાવો આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીઓને આથી એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ વાદી બેંકની લેણી નીકળતી રકમ રૂા.૫,૯૩,૭૪૭/- (અંકે રૂપિયા પાંચ લાખ ત્રાણું હજાર સાતસો સુડતાલીસ પુરા) દાવા દાખલ તારીખથી રકમ વસૂલ થતા સુધી માસિક ૧૮% ના વ્યાજ સાથે વાદી બેંકને સંયુકત અને વિભકત રીતે વસૂલ આપવી.

(૩) દાવા અંગે વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીઓએ ચૂકવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ ૩૦મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૩૦/૦૩/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ. (GJ-00862)